Continuous Edition : 121
RNI No. : GUJBIL/2010/40422
Year of establishment : 2010
Postal Reg. No. GJN-194/2020-2022

# OSHWAL YOUTH TODAY AND TOMORROW

Vol. 11 - Issue - 03 - January 2021




Date of Publication : 1st January, 2021
Periodicity : Monthly
OSHWAL EDUCATION TRUST


A Unit Of Oshwal Education Trust
HARIA GLOBAL SCHOOL
CBSE AFF. NO:. 430448
ADMISSION OPEN
KG TO GRADE X
2021-22
Assured revision of previous year's concepts.
~Focus on holistic development
~Qualified teaching staff
~ Affordable fees
~Personal attention
288-2567201, 2568201
Near Haria College, Ahead Of Oshwal Circle, Indira Gandhi Marg, Jamnagar.
99740 92562
info@hariaglobalschool.com
www.hariaglobalschool.com

RNI No. : GUJBIL/2010/40422
Postal Reg. No. Jam/GJN-194/2020-2022

# ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ

## ટ્રસ્ટી મંડળ

| | | |
|---|---|---|
| ચેરમેન | - | શ્રી કાંતિલાલ એલ. હરિઆ |
| મેનેજીંગ ટ્રસ્ટી | - | શ્રી રમણીકલાલ કે. શાહ |
| માનદ્‌મંત્રી | - | શ્રી ચંદુલાલ આર. શાહ |
| ટ્રસ્ટી | - | શ્રી જયંતિલાલ એલ. હરિઆ |
| ટ્રસ્ટી | - | શ્રી મોહનલાલ જી. ગોસરાણી |
| ટ્રસ્ટી | - | શ્રી શાંતિલાલ ડી. નાગડા |
| ટ્રસ્ટી | - | શ્રી ભરતેષભાઈ કે. શાહ |
| ટ્રસ્ટી | - | શ્રી કેશવજી મેઘજી ગોસરાણી |
| ટ્રસ્ટી | - | શ્રી મનીષભાઈ કે. હરિઆ |
| ટ્રસ્ટી | - | શ્રીમતી અલ્કાબેન જે. મારૂ |
| ટ્રસ્ટી | - | શ્રી રમેશ કેશવજી શાહ |

OSHWAL YOUTH TODAY AND TOMORROW
Vol. 11 - Issue - 03 - January 2021

## સંપાદક મંડળ

| | | |
|---|---|---|
| એડિટર | - | વ્યોમેશ એમ. વૈદ્ય |
| સબ એડિટર | - | બંસરી એમ. ભટ્ટ |
| સભ્યશ્રી | - | પ્રફુલભાઈ છેડા |
| સભ્યશ્રી | - | જીપાલ આર. પટેલ |

OSHWAL YOUTH TODAY AND TOMORROW
Vol. 11 - Issue - 03 - January 2021

For subscription :
India :- Per copy ₹ 25.00
Annual :- ₹ 200.00
Foreign :- Annual $ 20.00
or £ 15.00

Phone : (0288) 256 1453, 256 0344
e-mail : oshwalyouth@gmail.com
oshwalyouth@oshwaleducationtrust.org
website : oshwaleducationtrust.org

## Monthly Magazine of Oshwal Youth January - 2021

Printed by :
Mrs. Pritiben Pankajbhai Trivedi
'Shiva Sadan',
2-Cricket Bungalow Street,
B/h Gurudwara, Jamnagar

Published & Owned by :
Shri Ramniklal K. Shah - Publisher
Oshwal Education Trust,
Haria School Campus,
Indira Gandhi Marg,
Jamnagar - 361 004, Gujarat

Printed at :
Shivajeet Stationers & Printers
'Shiva Sadan',
2-Cricket Bungalow Street,
B/h Gurudwara, Jamnagar.

Published by :
Shri Ramniklal K. Shah - Publisher
Oshwal Education Trust,
Haria School Campus,
Indira Gandhi Marg,
Jamnagar - 361 004, Gujarat



પ્રકાશકની કલમે...
શ્રી રમણીકલાલ કે. શાહ

# કોવિડરૂપી કાતિલ દાનવ અને માનવજીવન

સમગ્ર વિશ્વ આજે કોરોના રૂપી કાતિલ રાક્ષસ સામે લડી રહ્યું છે. આ મહાવ્યાધિને કારણે વિશ્વને ઘણું નુકશાન વેઠવું પડયું છે. વિશ્વની કરોડરજ્જુ સમાન અર્થતંત્રની સાંકળ તૂટી પડી છે. કાબુ બહારની આ સ્થિતિમાં વિશ્વની સમગ્ર માનવજાત આ મહામારીથી દિગ્મૂઢ બની ગઈ છે. આ સ્થિતિમાં આપણે સૌએ ઘણું ગુમાવ્યું છે. કોઈએ પોતાનાં સ્વજન તો કોઈએ પોતાનાં સપના. કોઈક તો શરીરની સ્વસ્થતા પણ ગુમાવી બેઠું છે, આ ડામાડોળ અવસ્થામાં માનવ જીવન ખૂબજ દયનીય બન્યું છે. આટલા લાંબા સમય પછી પણ આશાનું એક નાનકડું કિરણ પણ દેખાતું નથી ત્યારે આપણે સૌએ 'अपना हाथ जगन्नाथ' સૂત્રને સાર્થક કરવાનો સમય સામે આવીને ઉભો છે. કોરોનાનાં આ કાળા કકળાટ વચ્ચે આમ જોવા જઈએ તો વિશ્વનાં અન્ય દેશો કરતા ભારતની સ્થિતિને ઘણી સારી કહી શકાય. સતાવાર રીતે જોવા જઈએ તો ભારતની કુલ વસ્તીમાંથી આશરે માત્ર ૯૪ લાખને જ કોરોનાનો ચેપ લાગ્યો છે. જે ભારતની વસ્તીનાં માત્ર ૦.૭ ટકા ગણી શકાય. અને તેમાંથી આશરે ૮૮ લાખ લોકો તો સાજા પણ થઈ ગયા છે. આમ, વિશ્વના અન્ય દેશ કરતા આપણે વધુ વસ્તી ધરાવતા હોવા છતાં પણ આપણા સૌ માટે આ ઘણી સારી બાબત કહેવાય. છતાં પણ 'ચેતતો નર સદા સુખી' એ ઉકિત અનુસાર કોરોના રૂપી આ દૈત્યને નકારવા જેવો તો નથી જ. સરકારશ્રી દ્વારા સમયાંતરે જાહેર થતી ગાઈડ લાઇનનો આપણે સૌએ ચુસ્તપણે અમલ કરવો જોઈએ. સરકારશ્રીનાં આદેશોનું બરાબર પાલન થાય એ બાબતે આપણે જ સજાગતા અને જાગૃતિ રાખવી પડશે. સરકાર એની મેળે કશુંક કરશે અને રસ્તો કાઢશે આવી નકારાત્મક માનસિકતામાંથી આપણે બહાર આવવું પડશે. ભારતમાં કોરોના બાબતે રીકવરીનો દર ભલે ઉંચો રહયો પણ આપણને કોઈ ગફલત પોષાય એમ નથી. કારણકે હિન્દીમાં એક કહેવત છે કે 'जान है तो जहान है.' હાલની સાવ વિકટ પરિસ્થિતિમાં ઘરનાં દરેક સભ્યએ પોતાનું અને પરિવારનું ધ્યાન અને કાળજી રાખવા પડશે. સ્વાભાવિક છે કે નોકરી કે ધંધા માટે, જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ માટે કે અન્ય કોઈ કારણસર બહાર જવાનું થાય તો નોકરી ધંધાની જગ્યાએ શકય હોય એટલું સોશ્યલ ડીસ્ટન્સ રાખવાની આદત કેળવવી પડશે. સાથે સાથે વારંવાર સાબુ વડે હાથ ધોવાની ટેવ પણ પાડવી પડશે. જ્યાં સાબુથી હાથ ધોવાની સગવડ ન હોય ત્યાં સેનેટાઈઝરનો ઉપયોગ કરવાનું ન ભૂલવું જોઈએ. આમ જોઈએ તો આવા પ્રતિકુળ સમય અને સંજોગોમાં મુસાફરી કરવાનું ટાળવું જ જોઈએ. પણ છતાંય અતિ જરૂરી હોય તો જ સરકારશ્રીની તમામ સુચનાઓનું ચુસ્તપણે પાલન થાય એવી રીતે મુસાફરી કરવી જોઈએ. જ્યાં સુધી કોરોનાની રસી નથી શોધાણી ત્યાં સુધી કોઈપણ જાતની ઢીલાશ પરવડે એમ નથી. સરકાર આપણને વારંવાર આ બાબતે સુચિત કરતી જ રહે છે. કયારેક રેડિયો દ્વારા તો કયારેક મોબાઈલ દ્વારા. પ્રજાને સચેત કરીને સરકાર તો એનું કામ કરે જ છે, છતાંય ઘણી વખત આપણે આવી બાબતને આંખ આડા કાન કરીને ટાળતા હોઈએ છીએ. જેના કારણે પરિવારને આનું ઘણું મોટું નુકશાન ભોગવવું પડે છે. અને 'नजर हटी, दुर्घटना घटी' જેવો ઘાટ સર્જાય છે.

ખેર, સરકારની ગાઈડ લાઈનનું પાલન કરીને આપણે આપણી જ મદદ કરી રહયા છીએ એ વાત ન ભૂલવી જોઈએ. પરિવારનાં ઉમરલાયક અને વયોવૃધ્ધ વ્યકિતઓએ આ સમયમાં પોતાની ખાસ કાળજી રાખવી જોઈએ. ભારતમાં ડાયાબીટીસ અને બ્લડપ્રેશરની બિમારીથી પીડાતા ઘણાય લોકો છે. એક સર્વે મુજબ આ બિમારી વાળી વ્યકિતને જો કોરોના થાય તો ઘણી મુસીબત ઉભી થાય છે. તેથી આવી વ્યકિતઓએ તો આ મહામારીનાં સમયમાં ખાસ કાળજી રાખવી જોઈએ. હાલ શિયાળાની ઋતુ પ્રારંભ થઈ ગઈ છે ત્યારે ઓછા તાપમાનને કારણે વાયરસ લાંબા સમય સુધી ટકી રહેતો હોય છે. જાહેર જગ્યા પર શકય હોય ત્યાં સુધી જવાનું ટાળવું જોઈએ અને ખૂબ જરૂર ઉભી થાય તો આવી જગ્યાએ માસ્ક લગાવ્યા વગર ન જવું જોઈએ. માસ્ક લગાવવું એ માત્ર એક કાર્ય નહીં પણ એક આદત બનાવવી જોઈએ. આ કોરોના કાળમાં શરીરની રોગપ્રતિકારક શકિત વધે એવો ખોરાક ગ્રહણ કરવો જોઈએ. યોગ્ય આહારની સાથે સાથે નિરંતર યોગ અને પ્રાણાયમની પણ આદત પાડવી જોઈએ. આપણે ત્યાં તો 'યોગ ભગાડે રોગ' એવું કહેવાય છે. યોગ અને પ્રાણાયામની સાથે સાથે આયુર્વેદિક ઉકાળાઓનાં સેવન દ્વારા પણ કોરોનામાંથી મહદઅંશે બચી શકાય છે. આયુર્વેદ અને નેચરોપથી આ બન્નેનાં સુભગ સમન્વય દ્વારા પણ કોરોનાથી મુકિત મેળવી શકાય છે. હળવી કસરત અને મેડીટેશનની કાયમી ટેવ રાખવી જોઈએ. સામાન્ય શરદી કે તાવને હળવાશથી ન લેતા તાત્કાલીક કોરોના રેપીડ ટેસ્ટ કરાવવો પરિવાર માટે પણ હિતાવહ છે. હોસ્પિટલોમાં ફરજ બજાવતા ડોકટરો, નર્સ, પ્રજાની સલામતી માટે ખડેપગે રહેતા પોલિસ કર્મીઓ, આરોગ્ય શાખાનાં સફાઈ કર્મીઓ, તેમજ નામી અનામી ક્ષેત્રોમાં કામ કરતા આવા કેટલાય મહાનુભાવોને સરકારે કોરોના વોરિયર્સ તરીકે નવાજ્યા છે એ વાતનો આપણે સૌએ ગર્વ લેવો જોઈએ. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દિર્ઘદ્રષ્ટિ, કોઠાસૂઝ, સૌને સાથે લઈને ચાલવાની અને કોરોના બાબતે દેશને ઓછામાં ઓછું નુકશાન વેઠવું પડે એ બાબતની સમજણ પણ કાબીલેદાદ છે આ બાબતે વડાપ્રધાનશ્રીને લાખ લાખ અભિનંદન અને એમનો ખૂબ ખૂબ આભાર માનવો જોઈએ.

આવો, આપણે સૌ સાથે મળીને આ કોરોના નામના કાતિલ દૈત્ય સામે આપણી રક્ષા કરવા માટે આ સૌ કોરોના વોરિયર ને શકય એટલી મદદ કરીને રાષ્ટ્રપ્રેમનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડીએ. કોરોનાનાં દૈત્યને નાથીને તંદુરસ્ત અને સ્વસ્થ રાષ્ટ્રનિર્માણમાં આપણું યોગદાન આપીને આપણે જ આપણને ધન્ય કરીએ, 'वीर भोग्या वसुंधरा'- ની ગરિમાને જાળવીને વિશ્વ ઈતિહાસમાં કોરોના કાળમાં ભારતની ભૂમિકા સુર્વણાક્ષરે લખાય એવી અંતઃકરણથી મનોકામના કરીએ.

From the Desk of Publisher

Ramniklal K. Shah



# COVID - the Monster and Human Life

The whole world is in the grip of a giant called COVID, because of which we are facing many difficulties. The entire economic fabric of the world is in shambles. The pandemic is getting out of control, wreaking havoc and causing insurmountable damage and barriers. We have lost a lot; some have lost their loved ones and some dreams have been shattered. Our health has reached the nadir. Hope for a vaccine or cure seems blur even after several months of suffering the pandemic. Now is the time when we should follow the adage "self-help is the best help".

Statistically, India is in a better position than most other countries, as in India we have 94 lakhs Covid affected patients i.e., 0.7% of the total population and 88 lakh people have recovered. Though, we are an over populated country yet we are in a better situation with regards to battling the pandemic. However, we should not take it easy as "Prevention is better than cure".

The ball is now in our court to fight the pandemic. It is the responsibility of every individual to take necessary precautions and steps to boost immunity. The onus is on the people. If we ignore the Government warnings, we tend to derail all Government efforts to fight this malaise and we endanger our life and the life of others.

With the onset of winter, the virus will get more virulent and hence we should also enhance our defenses against the virus. Following Ayurvedic remedies and yoga practices are a good way to ward off the virus. Meditation, exercise and Pranayam are beneficial to help fight the Corona Virus.

The Doctors, Hospital workers and the Police have been doing a commendable job to save lives but we must remember we all have to fight this virus together. Coming together in this fight will set an example of our patriotism.

Let's come together in this fight, we must remember "Jaan hai to Jahan Hai"

## જામનગરની અગ્રગણ્ય સહકારી બેંક ધી નવાનગર કો - ઓપ. બેંક લી. જામનગરની ૪૨મી વાર્ષિક સામાન્ય સભા(ઓનલાઈન) સંપન્ન



સને ૨૦૧૯-૨૦ના વર્ષ પુરૂ થતા બેંકની વાર્ષિક સામાન્ય સભા બોલાવવાની થતી હતી. પરંતુ કોરોનાની વૈશ્વીક મહામારીના કારણે સરકારશ્રી તરફથી સોશીયલ ડીસ્ટસીંગ અંગેની ગાઈડલાઈન્સના કારણે ફીઝીકલ બોલાવી શકાય તેમ ન હતી. જેથી જીલ્લા રજીસ્ટાર સાહેબશ્રી, સહકારી મંડળીઓ, જામનગરની અનુમતી મેળવી NSDL ના ડીઝીટલ પ્લેટફોર્મ પર બેંકની હેડ ઓફીસ ખાતે ઓનલાઈન e-AGM તા. ૦૬/૧૨/૨૦૨૦ના રોજ સવારના ૧૦:૦૦ કલાકે મળેલ હતી.

સભાની શરૂઆતમાં બેંકના ચેરમેન શ્રી કિરણભાઈ માધવાણી તરફથી બોર્ડના સભ્યો તથા ઓનલાઈન જોડાયેલ સભાસદશ્રીઓનું સ્વાગત કરેલ. જે બાદ બેંકના વાઈસ ચેરમેન શ્રી નાથાલાલ મુંગરા તથા મેનેજીંગ ડાયરેકટર શ્રી રમણીકભાઈ કે. શાહ તરફથી બેંક દ્વારા સને ૨૦૧૯-૨૦ના વર્ષમાં થયેલ કામકાજની વિગતો આપવામાં આવી. જે મુજબ બેંકની થાપણોમાં રૂા. ૭૨ કરોડનો વધારો થતા બેંકની થાપણો રૂા. ૭૪૧ કરોડ થયેલ છે. બેંક તરફથી અપાતા ધિરાણોમાં વ્યાજના દર હળવા હોય તેમજ મંજુર કરવાની પ્રોસીજર સરળ હોય ધિરાણમાં રૂા. ૧૪ કરોડનો વધારો થતા બેંકના ધિરાણો રૂા. ૩૭૬ કરોડ પર પહોચેલ છે. બેંકનું નેટ એન.પી.એ. ઝીરો રહેલ છે. બેંકના કાર્યકારી નફામાં રૂા. ૧.૨૭ કરોડનો વધારો થતા સને ૨૦૧૯-૨૦ના વર્ષનો નફો રૂા. ૨૦.૦૫ કરોડ થયેલ છે. જે બેંકનો ઓલટાઈમ હાઈ કાર્યકારી નફો છે. બેંક તરફથી સહકારી કાયદામાં ડીવીડન્ડ આપવાની નિયત કરાયેલ મહતમ ૧૫% ડીવીડન્ડ આપવાનું પણ જાહેર કરેલ હતું.




ચાલુ વર્ષમાં કોરોના સંક્રમણના કારણે બેંકના ધિરાણ લેતા સભાસદોની આર્થિક પ્રવૃતિને અસર થયેલ હોય બેંકના ધિરાણો પરના વ્યાજના દરોમાં ઘટાડો કરી રાહત આપવાનાં કરેલ પ્રયાસની વિગતો પણ સામાન્ય સભા સમક્ષ રજુ કરવામાં આવી.બેંક તરફથી નેટ પ્રોફીટમાંથી સભાસદ કલ્યાણ ફંડમાં સારી એવી રકમ ફાળવવામાં આવે છે. જેમાંથી સભાસદોની માંદગી સબબ તબીબી સહાય તથા સભાસદનું અવસાન થતાં મરણોતર સહાય આપવામાં આવે છે. જે મુજબ સને ૨૦૧૯-૨૦ના વર્ષમાં ૬૭૮ સભાસદોને રૂા. ૭૭.૦૪ લાખની તબીબી સહાય તથા ૪૮ સભાસદોના અવસાન થતા વારસદારોને રૂા. ૬.૬૦ લાખની તેના મરણોતર સહાય ચૂકવવામાં આવેલ હોવાની વિગતો સામાન્ય સભાને આપવામાં આવી. તેમજ બેંકનો પોતાનો IFSC નંબર આવી ગયેલ હોય શહેરીજનોને નેટ બેંકિંગ સેવાઓ શરૂ કરવા બેંક પ્રયત્નો કરશે તેમ જણાવેલ હતું.

સામાન્ય સભામાં બેંકના ડાયરેકટરશ્રીઓ સર્વશ્રી ધિરજલાલ કનખરા, શ્રી ચંદુભાઈ શાહ, શ્રી સુભાષચંદ્ર શાહ, શ્રી વિજયભાઈ શેઠ, શ્રી હસમુખભાઈ હિન્ડોચા, શ્રી કિરીટભાઈ મહેતા, શ્રી ભરતભાઈ ઓઝા તથા શ્રીમતી શારદાબેન વિંઝુડા હાજર રહેલ હતા. ઓનલાઈન વાર્ષીક સામાન્ય સભામાં શ્રી મનસુખભાઈ ફળદુ, શ્રી જવાહર મહેતા, શ્રી કુંતલ માલદે, શ્રી સંજય અંબાસણા, શ્રીમતી દર્શનાબેન શાહ, શ્રી ઈન્દુભાઈ વોરા, શ્રીમતી મીનાક્ષી શુકલ, શ્રી કે. આઈ. ગોંડલીયા, શ્રી કાનજીભાઈ ચીખલીયા તથા શ્રી રશ્મિ પંચમીયા તરફથી ચેટ બોક્ષમાં બેંકની કામગીરીની સરાહના કરી ઉપયોગી સુચના કરેલ. તેમજ ડો. અવિનાશ કૌડિન્ય તરફથી પણ લેખીતમાં સુચન મળેલ. જેનો પ્રત્યુતર સામાન્ય સભામાં આપવામાં આવેલ હતો.



કોરોનાની વૈશ્વિક મહામારીના કારણે ફીઝીકલ સામાન્ય સભા બોલાવવી શકય ન હોય સામાન્ય સભામાં સભાસદો સારી એવી સંખ્યામાં ઓનલાઈન જોડાઈ હાજર રહેલ તે બદલ અને બેંકના બોર્ડ ઓફ ડાયરેકટર્સ પર મૂકવામાં આવેલ વિશ્વાસ બદલ બેંકના જો મેનેજીંગ ડાયરેટર શ્રી હિતેશભાઈ પરમાર તરફથી આભાર માની ચેરમેનશ્રીની અનુમતી મેળવી સભા પુરી થયેલ જાહેર કરવામાં આવી

# બે અધ્યાત્મયોગીઓની ગુરૂમૂર્તિઓની સહપ્રતિષ્ઠાના ઐતિહાસિક અવસરે સજાર્યો મૈત્રીનો મણિકાંચન યોગ

આલેખન : ભારતી દિપક મહેતા



સવિ જીવ મૈત્રીધારક, પરમ કરૂણારસનિમગ્ન પરમ પૂજ્ય પં ન્યાસશ્રી વજ્રસેનવિજયજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય આચાર્ય કુમુદચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય આચાર્ય મનમોહનસૂરિજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય આચાર્ય હેમપ્રભસૂરિજી મહારાજ સાહેબ આદિ અનેક શ્રમણ-શ્રમણીજી ભગવંતોની પાવન નિશ્રામાં વિશ્વમાં વિરલ કહી શકાય તેવો એક દ્વિદિવસીય અ-પૂર્વ અવસર હાલમાં જ ઉજવાયો.

પરમ પૂજ્ય અધ્યાત્મયોગસંપન્ન પંન્યાસજી મહારાજ શ્રી ભદ્રં કરવિજયજી ગણિવર્ય તથા પૂજ્ય અધ્યાત્મયોગી આચાર્યદેવ શ્રીમદ્દવિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજા - એમ બંને સમુદાયના પાં ત્રીસેક જેટલાં શ્રમણ-શ્રમણીજી ભગવંતોના સાયુજ્યની - સામીપ્યની સૌરભ જામનગર સમીપ આવેલા શ્રી શાલીભદ્ર તીર્થના શ્રી આદિનાથ જિનાલય પરિસરે ફેલાતી જ્યારે જોઈ, ત્યારે પ્રાયઃ ૪૫/૪૬ વર્ષ પૂર્વેનો એક ઈતિહાસ પુનઃજીવિત થઈ રહ્યો છે, તે વાત મનમાં સુદ્રઢ બની!

## શો હતો મૈત્રીનો એ ઈતિહાસ?

વાત છે સંવત્ ૨૦૩૧, ૨૦૩૨ તથા ૨૦૩૪નાં ત્રણ વર્ષોની, જ્યારે પરમ વિનયવંત એવા પૂજ્ય આચાર્ય પ્રવરશ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ પોતાના બૃહદ્ શિષ્ય પરિવાર સાથે સમતાસુરતરુ એવા પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રં કરવિજયજી ગણિવર્ય સમીપે બે વર્ષ રાજસ્થાનનાં લુણાવામાં તથા એક વર્ષ શ્રી પિંડવાડાજી તીર્થમાં રહી તેઓનું નિતાંત વાત્સલ્ય પામ્યા. એ વખતે તેઓ પૂજ્ય પંન્યાસજી મહારાજ સમીપેથી શ્રી નમસ્કાર મહામંત્ર, નવપદજી, મોક્ષમાર્ગ, આત્માનું સ્વરૂપ, જિનભક્તિ, જીવમૈત્રી, છ આવશ્યકો, પાંચ સમવાય, કર્મ વિજ્ઞાન, જ્ઞાન-ક્રિયા-ભક્તિયોગ, અનેકાંત-સ્યાદ્વાદ, નિશ્ચય-વ્યવહાર, ષડ્નય, ૧૨ ભાવના, બિંદુનવક, અનાહતનાદ, ષટ્ચક્રવેધન, કાળચક્ર, મંત્રજાપવિજ્ઞાન, પિંડસ્થ-પદસ્થ-રૂપસ્થ-રૂપાતીત કાયોત્સર્ગધ્યાન, સમ્યકૃત્વ-મિથ્યાત્વ, અધ્યારોપ-અપવાદ, ત્રિકુટી, કુંડલીની જાગરણ આદિ પૂજ્ય પંન્યાસજી મહારાજની અગણ્ય અધ્યાત્મ વિષયક અનુપ્રેક્ષાઓમાંથી જ્ઞાનપ્રકાશ પામી પૂજ્ય આચાર્યશ્રી વિનીત સ્વરે કૃતજ્ઞતાથી તે મની પરાવાણીનો સ્વીકાર કરતાં.



તે ત્રણ વર્ષોમાં લુણાવા/પિંડવાડાના સંઘજનો ઉપરાંત ત્યાં દેશ-વિદેશથી નિત્ય વંદનાર્થે પધારતા રહેતાં બંને સમુદાયના આત્મીયજનોમાં કુતુહલપૂર્વક એ વિષય ચર્ચાતો જ રહેતો કે કોણ-કોના શિષ્ય હશે અથવા ક્યા શ્રમણ ભગવંત ક્યા સમુદાયનાં હશે? દૂધમાં સાકર ભળે, પછી પોતપોતાનું અલગ અસ્તિત્વ કે individuality જેમ ખોઈ બેસે , તેમ તેઓ સૌમાં પણ કોઈ અલગતા પામી ન શકાતી. આજુબાજુના ગ્રામ્ય પ્રદેશોમાં આ ત્રણ વર્ષ દરમ્યાન જે કોઈ ધાર્મિક પ્રસંગો થયાં , તેમાં ગુરૂવચન 'તહત્તિ' કહી બંને સમુદાયના શિષ્યો એકરસ થઈ ઉજવણી કરાવી પરત ફરતાં , કિન્તુ એ પછી પણ સૌ વિમાસતાં જ રહેતાં કે જે મુનિ ભગવંતો અહીં બિરાજેલાં , તેઓ ક્યા સમુદાયમાં થી આવેલા હશે ?

કલ્યાણના કલ્પતરુ સમા બંને સમુદાયના શ્રમણ ભગવંતો માટે તો બં ને ગુરૂવર્યો જાણે સાક્ષાત્ તીર્થંકર પરમાત્મા સમાન હતા. મૈત્રીનો મહાસાગર કેવો હોય, તેનું રસપાન કરતાં સંઘજનો પણ આ ઉજ્જવલ ચૈતન્યની સંનિધિમાં અભિમંત્રિત થતાં. તીર્થંકરોની દેશના જેમ દરેક જીવ પોતપોતાના સ્તરે તથા ભાષામાં સમજી શકે છે, તેમ રાજસ્થાનના ગ્રામ્યપ્રદેશની ભોળી પ્રજા તેઓની વ્યાખ્યાન વાણી અવધારી શકતાં .



'સ્વ થી સર્વ' તરફ જવા પ્રત્યેક વ્યાખ્યાનની સમાપ્તિએ જ્યારે 'શિવમસ્તુ સર્વ જગતઃ'ની પ્રાર્થના સંગે ૧૨ નવકાર ગણાતાં, ત્યારે સ્નેહનાં સરોવરમાં જાણે મૈત્રીની ભદ્રં કર કલારૂપ પૂર્ણ વિકસિત કમળો ખીલી ઉઠતાં !

ઈપ્સિત વરદાનરૂપ એ જ સમયખંડને પ્રશસ્ત રીતે સ્મૃતિવંત કરીને , તેમના બંને સમુદાયોએ મળીને મૈત્રીની તે જ પરંપરા જાળવવા બંને અધ્યાત્મયોગીઓની ચારુશ્રી નિશ્રાને શાશ્વત બનાવવાનો વિચાર આવ્યો અને તે મૂર્તિમંત થયો શાલીભદ્ર તીર્થમાં.

આજથી પોણા ત્રણ વર્ષ પૂર્વે જામનગરથી ૧૨ કિલોમીટર દૂર સર્જાયું ૧ લાખ ચોરસફૂટના વિશાળ પટ ઉપર ઉદ્યાનોથી શોભિત શ્રી શાલીભદ્ર તીર્થ, જેના સ્વપ્નદ્રષ્ટા હતાં વાગડ સમુદાયના પૂર્વ

continue on page 8

continue from page 9



ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યદેવશ્રી કલાપ્રભસૂરીશ્વરજી મહારાજા તથા પૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી ગણિવર્ય. આ તીર્થે બે સમુદાય મધ્યે રચાયેલ મૈત્રીનાં મેઘધનુષ્યની સાડા ચાર દાયકા પૂર્વેની ગરિમાને તો ઉજાગર કરી જ, ઉપરાંત બંને સમુદાયના પૂજ્યો, જેમણે આપણા જૈન શાસનમાં અધ્યાત્મનો એક આખો યુગ પ્રવર્તાવ્યો છે, તેઓ બંનેની ગુરૂમૂર્તિઓ જિનાલયજીની શૃંગાર ચોકીમાં પ્રભુજી સમક્ષ સાથે પ્રતિષ્ઠિત કરીને એ મૈત્રીની મિરાતને વધુ ઉજળી કરી.

બંને પૂજ્યોનું તે વખતે રાજસ્થાનમાં પણ પરમ સાંન્નિધ્ય પામનાર મુનિજનો, જે આજે ગણિવર્યજી તથા આચાર્ય પ્રવરની પદવી શોભાવી રહ્યા છે, તેમની જ નમણી નિશ્રામાં દિનાંક ૯ ડિસેમ્બર, ૨૦૨૦ના કારતક વદ નોમનાં દિવસે જયપુર-રાજસ્થાનમાં ઘડાયેલ બંને આરસમયી મૂર્તિઓનો સામૈયા સહ વાજતે-ગાજતે તીર્થ પ્રવેશ કરાવાયો, તે પૂર્વે શુકનવંત ધુમ્મસની વચ્ચે જ્યારે બંને ગુરૂમંદિરોનું શીલાસ્થાપન થયું, ત્યારે જ સૌને ખ્યાલ આવી ગયેલો કે અનેક શુભ ચિહ્નો ઉપસ્થિત થયાં છે, તેથી આ તીર્થનો મહિમા ભાવિમાં આકાશને આંબશે!

### શોભા તે શી રે કહું... શ્રી ગૌતમસ્વામી પૂજન તણી...?

પ્રતિષ્ઠા મહોત્સવના બંને દિવસોમાં ઢોલી-બેંડવાજા-સુંદર રંગોળીઓ-ગહૂંલિઓ સાથે ગવાતાં મંગલ ગીતો તીર્થની રમણીયતામાં વૃદ્ધિ કરતાં હતાં, તેવા સમયે પ્રથમ દિવસે પરમ ગુરૂ શ્રી ગૌતમસ્વામીના પૂજન દરમ્યાન જ્યારે ગુરૂપાદુકા પૂજન, અધિષ્ઠાયક દેવ-દેવી પૂજન, ૧૦ ગણધર પૂજન, ૨૮ લબ્ધિપદ પૂજન, અષ્ટ મહાસિદ્ધિ પૂજન, ૯ નિધિ પૂજન તથા ૧૬ વિદ્યાદેવીઓનાં પૂજન વગેરે થયાં ... ત્યારે જાણે તે દેવલોકનું જ જિનાલય હોય, તેમ દેવોની દિવ્ય ઉપસ્થિતિનો સતત ભાસ થયો!



કારતક વદ દસમ અર્થાત્ શાસનપતિ શ્રી મહાવીર પ્રભુનો દીક્ષા કલ્યાણક દિન. વસંત અને શિશિરની જુગલબંદી સમા પ્રતિષ્ઠાવસરના દ્વિતીય દિનની વહેલી પરોઢે ઝગમગતાં દીપકોનાં પ્રકાશમાં યુગાદિદેવ પ્રભુ આદીનાથ સમક્ષ ૩૫ જેટલા શ્રમણ-શ્રમણીજી ભગવંતો ચૈત્યવંદનમાં ભક્તિયોગલીન હતાં, ત્યારે જાણે પરમાનંદની ઊર્જા વહેતી થઈ!

સવારે ૭:૩૦ વાગ્યાથી પ્રભુપ્રીતના પંચામૃતમાં સૌ વધુ રસતરબોળ બન્યા સંગીતનાદ સાથેના શ્રી શક્રસ્તવ અભિષેક મધ્યે. કેસરમિશ્રિત શીતલ જલથી, કેસૂડાં જલથી, દહીંના ઘોળવાથી, કેસરયુક્ત દૂધથી, સુગંધિત ઔષધિ જલથી, વરખના જલથી અને પંચામૃત ઉપરાંત વિવિધ વર્ણના હજ્જારો પુષ્પોની દિવ્ય સૌરભથી જિનાલયજી મઘમઘતું બનતું ગયું ! એવું અનુભવાયું જાણે ઈન્દ્ર મહારાજાએ આચાર્યશ્રી સિદ્ધસેનદિવાકર સૂરિજીને પ્રભુજીના ૨૭૩ વિશેષણો યુકત આ સ્તવ જ્યારે સમાધિમાં ઉપહાર રૂપે આપ્યું હશે, ત્યારે સૂરિજી ભગવંત અને સમસ્ત શ્રી સંઘને જે હર્ષોન્માદ ઉપન્યો હશે, તે જ અહીં પ્રતિધ્વનિત થઈ રહ્યો છે! અરે, અભિષેક કરતાં-કરતાં મનમાં ક્ષણેક તો મેરૂશિખર ઉપર પણ પહોંચી જવાયું... અને પ્રભુના જન્માભિષેક વેળાએ દેવોને જન્મતાં આનંદાશની જ જાણે સ્પર્શના કરી!



પ્રતિષ્ઠા પૂર્વે આચાર્ય ભગવંતો પૂજ્યશ્રી કુમુદચંદ્રસૂરિજી, પૂજ્યશ્રી મનમોહનસૂરિજી, પૂજ્યશ્રી હેમપ્રભસૂરિજી આદિ અન્ય અનેક મુનિવર્યો ના શ્રીમુખેથી સહિયારાં મંત્રગાન થતાં ગયા અને સૌ ભવિજનોના હૈયાં પુલકિત બનતાં ગયાં. જિનાલયજીના સુવિશાળ રંગમંડપમાં ત્રિ-સોપાન સહિતની બે વાસંતી બેઠક ઉપર બિરાજેલ બંને ગુરૂમહારાજોની પ્રતિમાજીનાં પાંચ-પાંચ અભિષેક થયાં, ત્યારે બંને પ્રતિમાજીઓની આંખોમાંથી અમરત તો બરસતું જ હતું, કિન્તુ તેમની ઉપર જ્યારે સંગીતની સુરાવલિઓની સંગે મુદ્રા-મંત્રોચ્ચાર સહિત પૂજ્ય આચાર્ય ભગવંતો દ્વારા પ્રાણપ્રતિષ્ઠા કરાવાઈ, ત્યારે તો બંને દિવંગત ગુરૂઓની - ઉચ્ચાત્માઓની ઉપસ્થિતિની જાણે સાક્ષાત્ અનુભૂતિ થઈ. કોણ કહી શકે કે અધ્યાત્મની વિદ્યાપીઠ સમા આ બંને આત્માઓ હવે અદીઠ છે?

### ત્યાં જ પ્રતિષ્ઠાની મંગલ ઘડી આવી પહોંચી...

'ૐ પુણ્યાહં પુણ્યાહં ...પ્રીયંન્તાં પ્રીયંન્તાં ...'નાં રૂડાં સમૂહગાન સાથે લીંપાઈ ગુરૂમૂર્તિની પીઠિકા ભૂમિ તથા તે સ્થાને રજત કચ્છપ, હેમનાણું - રૂપાનાણું વગેરે ભંડારાયા. ગુરૂદેવોની મૂર્તિ

continue on page 9

continue from page 8

પ્રતિષ્ઠાનું મુહૂર્ત હતું સવારે ૧૦:૧૦ કલાકનું. આરસમઢિત બંને ગુરૂમૂર્તિજીઓ, સુંદર કોતરણીમય આરસના બે ગુરૂમંદિરો તથા દ્વિદિવસીય સમસ્ત પ્રતિષ્ઠા મહોત્સવનો સંપૂર્ણ લાભ લેનાર મુંબઈ-વડોદરાનાં પરમ દાનવીર શ્રેષ્ઠીવર્ય શ્રી સી.કે.મહેતાના પરિવારજનોએ પ્રતિષ્ઠાની ક્ષણમહોર આવતાં જ ૩ નવકાર મહામંત્ર ગણીને ઉર્ધ્વ શ્વાસે બંને પ્રતિમાજીઓને સુપ્રતિષ્ઠિત કર્યા, ત્યારે ઘંટનાદના રણકાર સાથે ખરેખર જ મણિકાંચનયોગ ઉપન્યો!

તત્પશ્ચાત્ યોજાયેલ બંને અધ્યાત્મસંપન્ન યોગીરાજોની વસ્તુ અમુલખ સમી ગુણાનુવાદ સભામાં ઉપસ્થિત ગુરૂભગવંતોની સર્ સર્ સરતી વાણીમાં મુક્તિની પગદંડી દર્શાવનાર બંને ગુરૂમહારાજોની મૈત્રીભરી અધ્યાત્મયાત્રાના ગુણગાન ગવાયાં, જેની અનુમોદના થકી પૂણ્યના નિધાન ઉમટ્યાં બંને સમુદાયનાં મબલખ અનુગ્રહે સંપન્ન થયેલ ગુરૂદેવોની મૂર્તિના આ પ્રતિષ્ઠા મહોત્સવમાં ! 'ભાવવિભોરતા કોને કહેવાય?' એમ કોઈ પૂછે તો ઉત્તરમાં પૂરતાં શબ્દો ન જડે... કિન્તુ પ્રશ્નકાર જો અહીં હોય તો જાણી શકે કે વરસતી આંખે હૃદયનું ગદ્ગદ્ થવું એટલે કેવી અનુભૂતિ?

પૂજ્ય પંન્યાસજી મહારાજની હસ્તલિખિત ૨૨૪ રોજનીશીઓમાંથી ૬૦/૭૦ ભાગની અદ્ભૂત ગ્રંથશ્રેણી 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' અંતિમ ચાર વર્ષથી રાજકોટમાં જે તૈયાર થઈ રહી છે, તેના સંપૂર્ણતયા અર્થસારથિ અને આ પ્રતિષ્ઠા મહોત્સવના પણ દાતાશ્રી સી.કે.મહેતા એટલે અધ્યાત્મયોગી પંન્યાસજી મહારાજની નિકટ નિશ્રા પામેલ અને કીર્તિથી ૧૦૦૦ ગજ દૂર રહેનારા પરમ દાનવીર સુશ્રાવક! નવ દાયકાની સમાપ્તિ સમીપ પહોંચેલા શ્રી ચીમનભાઈ મહેતા આ બંને પૂજ્યોની કૃપાથી આજે પણ નિત્યમેવ અનવરત એવી સુંદર આરાધના કરી રહ્યા છે અને તેમના હૃદયમાં વસેલી વર્તમાનકાળની પરાકાષ્ઠા રૂપ ગુરૂભક્તિની મહેંક દિગદિગંત સુધી વ્યાપી રહી છે.

આ અ-પૂર્વ અવસરને વધાવવા બંને દિવસે પોતાનું સ્વાસ્થ્ય નાજુક હોવા છતાં પણ ગુરૂગુણગરિમામાં નિમગ્ન એવા પરમ પૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મહારાજે આ પ્રતિષ્ઠા મહોત્સવમાં સતત નિશ્રા અર્પીને શ્રી સંઘ ઉપર અત્યંત ઉપકાર કર્યો, જેમાંથી ઉઋણ બનવું ખરે જ મુશ્કેલ બને!

## જીલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘ, જામનગર જીલ્લા માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક (સરકારી / ગ્રાન્ટેડ / સ્વનિર્ભર) શાળા નાં માન્ય મંડળોનાં સહયોગથી શ્રી એલ. જી. હરિઆ સ્કૂલમાં રકતદાન કેમ્પ



હાલ સમગ્ર વિશ્વ કોરોના જેવી મહામારીથી લડી રહયું છે ત્યારે વારંવાર લોહીની જરૂર પડતી હોય એવા બિમાર વ્યકિતઓ જેમકે થેલેસેમિયા, કે અન્ય રકત જરુરિયાત વાળા દર્દીઓને તથા આ કપરા કાળમાં જરુરિયાતમંદ લોકોને સમયસર અને સહેલાઈથી રકત મળી રહે, ઉપરાંત "રકતદાન એજ જીવનદાન" નાં સુત્રને સાર્થક કરવાના ઉતમોત્તમ, ઉમદા અને શુભ હેતુથી રાજયનાં શિક્ષણ સચિવ શ્રી ડો. વિનોદરાવ સાહેબની પ્રેરણાથી અને રાજય પ્રાથમિક શિક્ષણ નિયામક શ્રી, ડો. એમ. આઈ. જોષી સાહેબનાં માર્ગદર્શન હેઠળ જિલ્લા પ્રાથમિક સંઘ જામનગર, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક (સરકારી / ગ્રાન્ટેડ / સ્વનિર્ભર) તથા જામનગર તાલુકા પ્રાથમિક શિક્ષણ સંઘ, શાળાઓનાં માન્ય મંડળોના સહયોગથી શ્રી એલ. જી. હરિઆ સ્કૂલ ખાતે તા. ૨૭/૧૦/૨૦૨૦ નાં રોજ એક રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

સવારે આઠ વાગ્યે પ્રારંભ થયેલ આ રકતદાન કેમ્પનાં મુખ્ય અતિથિ વિશેષ શ્રી રાજેન્દ્રસિંહ સરવૈયાએ સ્થાન શોભાવ્યું હતું. ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી રમણીકભાઈ શાહ, ટ્રસ્ટી શ્રી ભરતેશભાઈ શાહ, ડી. ઈ. ઓ. શ્રી ડોડીયા સાહેબ, તથા ડી. પી. ઓ. શ્રી બી. એમ. દવે સાહેબની વિશેષ ઉપસ્થિતિએ કેમ્પને ખૂબ સફળતા અપાવી હતી. આ ચારેય મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટય કરીને રકતદાન કેમ્પનાં શ્રી ગણેશ કર્યા હતા. શાળાનાં આચાર્યશ્રી ધવલ પટ્ટ, અન્ય શિક્ષકો તથા બિન શૈક્ષણિક સ્ટાફે પણ આ રકતદાન કેમ્પમાં અમૂલ્ય રકતનું દાન કર્યું હતું. આ ઉપરાંત જામનગરની જનતા તરફથી પણ આ રકતદાન કેમ્પને અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડયો હતો. આ સેવા યજ્ઞમાં ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટનાં સી. ઈ. ઓ. શ્રી જીપાલ પટેલ, શ્રી એલ. જી. હરિઆ સ્કૂલનાં એડમીનીસ્ટ્રેટર શ્રી વ્યોમેશ વૈદ્ય તથા પી. આર. ઓ. શ્રી બંસરી ભટ્ટ પણ ઉપસ્થિત રહયા હતા. સરકારશ્રીની ગાઈડ લાઈન પ્રમાણે બધાજ નિયમોનું ચૂસ્ત પાલન કરવામાં આવ્યું હતું. રકત દ્વારા અન્યની જીંદગી બચાવવા ઉત્સુક રકતદાતાઓ તરફથી ૧૨૯ બોટલ રકત એકત્ર થયું હતું.



આમ, આ સેવાયજ્ઞમાં સૌએ રકતદાન કરીને પૂણ્યની ભાગીદારીમાં પોતાનું યોગદાન નોંધાવ્યું હતું. "રકતદાન મહાદાન" ના સુત્રને આ તકે સૌએ સાર્થક થતું પોતાની નજરે નિહાળ્યું હતું.

# "i-अध्ययन" An International Webinar organized by OET managed Colleges







An International Webinar "i-**अध्ययन** was organized by OET managed Colleges on the 5th and 6th of June 2020 on "Digital Tools and Techniques of Teaching".

The Webinar was inaugurated by Prof. (Dr) Nitin Pethani, Vice Chancellor, Saurashtra University on 5th June 2020.

The Keynote speaker on the 5th June was Prof. Dr Mahesh Jivani from the Department of Electronics, Saurashtra University who spoke on "Digital Tools and Techniques of Teaching".




The webinar on the 6th was Inaugurated by Prof. (Dr.) Navin Sheth Hon'ble Vice Chancellor, Gujarat Technological University.

The Speaker on the 6th June 2020 was Dr Kaushal Bhatt from Gujarat Technological University, who spoke on "Emotional Intelligence". It was attended by over 500 participants.



HEALTH CORNER

# IMMUNITY

Dr. Garima Dave
P.hd. N. D.
Naturopathy Consultant

In last part we read about what is immunity, how it works and why it is necessary to have a strong immune system. Today we will discuss about the things which can weaken our immunity, how do we know if our immune system is weak or strong and how can we boost up our immunity.

Immunity System **Suppressors >**

**Stress >** First and foremost immunity destroyer today is high level of stress. Prolonged periods of intense stress can affect the immune system. Stress makes the brain boost production of the hormone Cortisol which impairs the function of infection fighting T-cells. Excessive and Chronic Stress raises glucosteriod levels in the blood and tissues and this suppresses immunity. Constant stress also makes it harder to fend off the flu, herpes, shingles and other viruses.

**Lack of sleep >** Body releases certain proteins called cytokines only during the sleep. These proteins help the immune system. So if we are not getting enough sleep then it can make us more likely to catch viruses or germs and we also may take longer to get better, as body can't make antibodies that help defend against illness.

**Improper Diet >** Fruit and vegetables help our body make more of the white blood cells, one need to fight off infections. If we intake more junk or fast food and less of fruits and veggies then it will directly affect our immune system. If we consume High Fat diet it is also harmful as oil can hinder germs fighting WBC and a high fat diet over time can upset the balance of bacteria in your gut that can help immune response. Besides, soda, processed foods, foods and drinks high in sugar, refined carbohydrates, alcoholic beverages and tobacco products supress the immune system.

**Lack of Exercise >** Inactivity leads to an impaired immune system, inflammation and other chronic diseases.

**Ultraviolet Radiation >** Rising levels of certain air pollutants are depleting the ozone layer and increasing the level of harmful UV radiation from sun. This could higher the rates of skin cancer and cataracts on one hand, while weaken Immune systems on the another UV rays could also affect the cells responsible for triggering immune responses, increasing the risk of infection.

**Obesity >** Affect the immune system by reducing the number and function of white blood cells needed to fight infection.

**Smoking >** Smoke can inflame the lungs. Weaken lungs are more susceptible to infections. If one use it regularly or a chain smoker, he/she may have the breathing problems. That means coughing up colored mucus called phlegm and a higher chance of lung infections. Nicotine from cigarettes, chewing tobacco or any other source can weaken body's ability to fight germs.

**Alcohol >** Its major metabolite, Acetaldehyde, likely impairs ciliary function in the lungs, making them more prone to bacterial and viral invasion. Alcohol also impairs the process of attacking and breaking down the bacteria and viruses that puts people at higher risk for infection.

**Certain Medications >** Includes drugs to treat allergies, arthritis, lupus, IBs and organ transplant. Corticosteroids are one example, as are TNF inhibitors for inflammation and chemotherapy for cancer.

**Some Diseases >** Asthma, familial Mediterranean fever and chron's disease all result from an over reaction of the immune system, while autoimmune polyglandular syndrome and some facets of diabetes are due to the immune system attacking "self" cells and molecules. High level of sugar impair cellular immunity.

Except these low levels of vitamin D, C, B, E especially folate and methylcobalamin and Iron lower immunity.

Signs of Having a Weakened Immune System:-

1. Always having a cold & cough
2. Lots of digestive problems
3. Wound heal slowly
4. Frequent infections
5. Stress level is always high
6. Feels tired or fatigue all the time
7. Joints pain
8. Hair loss

**How to boost up Immune System:-**

As we discussed above about the immunity destroyers or the habits or things that adversely affect our immune system, then solution is in itself. At first, we will look at what we can do in our diet section

1. Vitamin C plays a key role in the immune system. It stimulates the production of white blood cells, which help fight infections. It may also reduce the amount of time an infection stays in the body. Easy ways to increase the intake of Vitamin C- plenty of

continue on page 12

continue from page 11

leafy greens, citrus fruits as Grapefruit, Oranges, lemons, limes, Red bell peppers, clementine and tangerines Berries & Avocado etc. And as body doesn't produce or store it, we need it on daily basis for continued health.

2. Vitamin D helps to boost the immune system. One can get it in eggs, fatty fish and fortified foods like milk, Yogurt, & cereal. Sunlight is another key source. In summer just 5-15 minutes of rays on hands, face & arms 2-3 times a week is enough to get Vitamin D. In winter we might need a bit more. Sunlight may energize special cells in immune system called T-cells that help fight infection.

3. Consumption of fresh fruits and vegetables help the body make more of white blood cells needed to fight off infections. Fruits, veggies, nuts-almonds, sunflower seeds pack a lot of zinc beta carotene, Vitamin A, B-6, C & E and other nutrients we need for a healthy body.

4. Plant based foods also fill you up with fibre, which helps lower your body fat percentage, which can strengthen immune response.

5. Consume Broccoli, as it is supercharged with Vitamins & minerals. It is packed with Vitamin A, C, E as well as fibre and many other antioxidants. It is one of the healthiest veggies you can put on your plate. But remember – cook it as little as possible or better yet, not at all.

6. Consumption of garlic slows down the hardening of the arteries. Garlic contains a heavy concentration of sulphur containing compounds, such as allicin, that enhances its immunity boosting properties.

7. Consumption of ginger improves anti-inflammatory power of body, which helps to reduce sore throat and inflammatory illnesses.

8. Intake of Green tea improves immunity as it has epigallcatechin gallate (EGCG), a powerful antioxidant which enhance immune function. Green tea is also a good source of the amino acid L – theanine that may aid in the production of germ fighting compounds in T-cells.

9. Eat more of healthy fats like those found in olive oil and omega-3s, as they may boost body's immune response to pathogens by decreasing inflammation.

10. Fermented foods are rich in beneficial bacteria called probiotics, which populate the digestive tract. Gut health and immunity are deeply inter connected. Fermented foods and probiotics may bolster the immune system by helping it identify and target harmful pathogens. So, include at least one cup of yogurt in your daily meals.

11. Limit added sugars as it contribute significantly to obesity, type 2 diabetes, heart disease, all of which can suppress the immune system. Lowering sugar intake may decrease inflammation as well.

12. Drink enough fluid daily as dehydration can make one more susceptible to illness.

Except these, keep the following points in mind to improve your immunity:-

- Manage your stress levels. As by lowering stress levels through meditation, yoga, exercise and other practices can help keep the immune system functioning properly.
- Regular exercise is essential as it appears to help the body fight illness caused by viruses and bacteria. It helps blood get around the body more efficiently, which means germ fighting substances get where they need to go.
- Get enough sleep as it may strengthen the natural immunity. Adults should aim to get 6-7 hours of sleep each night, while teens need 8-10 hours.
- To get a good sleep avoid TV, phone or computer at least an hour before your bedtime as these may disrupt the circadian rhythm or body's natural wake-sleep cycle. One can practice Bhramri Pranayaam or Yog Nidra to get a good sleep.
- Give yourself a feel good factor by pampering yourself by Aroma massages, Shirodhara, Hydrotherapies or Mud baths. These are going to help you to detoxify on one hand while to soothe your body and mind by keeping stress-free on the other hand.
- Some herbs also help to boost up our immunity by having anti-inflammatory & antibacterial properties. For example Astragalus root can boost resistance to infection, Honey activates the immune system's response to infection and prevents cell proliferation. Controlling cell proliferation is key to stopping perky viruses. Ginger has anti-inflammatory effects as well and may be able to help with muscle pain. Curcumin compound found in turmeric is known to have anti-inflammatory properties that help boost Immunity. So, include these in your diet.
- Kick out the Nicotine and Alcohol to strengthen the immunity.

By following theses points, we can boost up our immunity and keep ourselves & our family healthy even in this Corona-Era.

# જૈન તત્વ દર્શન

## સાત તત્વ

– જયંતિલાલ ગુઢકા

(ગતાંકથી ચાલુ)

ઓમ હ્રિશ્રી વીતરાગાય નમઃ

આપણે આગલા મહીનાની આવૃતીમાં જણાવ્યા મુજબ અત્રે સંવર તત્વની વીચારણા વિશેષ કરશું.

૫. સંવર :- સંવર એટલે રાગને દ્વેષનાં પુણ્યપાપના પરિણામ ઉત્પન્ન ન થવા અને આત્માનો આશ્રય લઈને શુદ્વતા-નિર્મળતાનું પ્રગટવું એને સંવર કહે છે અને તે ધર્મ છે અને ધર્મની શરૂઆત છે.

જે જ્ઞાન-દર્શન ઉપયોગને પ્રાપ્ત કરીને યોગોની ક્રિયાથી વિરકત થાય છે. અને આસ્ત્રવન રોકી દે છે. તે સંવર પદાર્થ છે અને તે અવસ્થા જીવ દ્રવ્ય- આત્માની છે.

સંવર શબ્દનો વાચ્ય શુદ્ધોપયોગ એટલે વીતરાગ જ્ઞાન જે આત્મામાં લીન છે. તે સંસારના કારણભૂત મિથ્યાત્વ - રાગાદિની માફક અશુદ્ધ નથી તેમ કેવળજ્ઞાન સ્વરૂપ પર્યાય છે તેની માફક પૂર્ણ શુદ્ધ પણ નથી. પણ તે બંને પર્યાયોથી વિલક્ષણ શુદ્ધાત્માના અનુભવ સ્વરૂપ નિશ્ચયરત્નત્રય-મોક્ષનું કારણ - તે એકદેશ વ્યકિતરૂપ (એટલે કે એકદેશ આવરણ રહિત એવી) ત્રીજા પ્રકારની અન્ય અવસ્થા છે.

૬. શુદ્ધોપયોગની શરૂઆત :- (૧)ચોથા ગુણસ્થાને સમ્યકત્વ પ્રગટતાં અનાદિની મિથ્યાદષ્ટિ જતાં કર્મની ૧૪૮ પ્રકૃતિમાંથી ૪૧ કર્મની પ્રકૃતિનો સંવર શરૂ થાય છે - તે નિશ્રય સમ્યગ્દર્શનનો મહિમા છે. તે પ્રથમ નિર્વિકલ્પ દશા થતાં થાય છે. તે નિર્વિકલ્પ દશા અલ્પકાળ રહે છે. અને પછી ઘણાં અંતરાળે થાય છે. (પરંતુ જે શુદ્વતા થઈ છે તે ચાલુ રહે છે અને તે ક્રમે ક્રમે વધે છે. એ શુદ્વતાને શુદ્ધપરિણતિ કહેવામાં આવે છે. એવી રીતે ચોથા ગુણસ્થાનથી અંશે શુદ્ધ - અંશે અશુદ્ધ એવી મિશ્ર ચારિત્ર પર્યાય હોય છે. જે આગલા અંકના પારા ૨-૩-૪માં બતાવ્યું હતું.) આ નિર્વિકલ્પ દશા તે જ શુદ્ધોપયોગ છે. પરંતુ ચોથે ગુણસ્થાને શુદ્ધોપયોગ બહુ ગૌણ છે. અને શુભોપયોગ પ્રચુરપણે હોય છે.

વળી, 'અંતરાત્મા'પણું તથા નિશ્ચય એટલે સત્ય ધર્મધ્યાન ચોથા ગુણસ્થાનથી હોય છે. જો પોતાની પર્યાય એટલે નિજ આત્માની અવસ્થા નિજ આત્મ દ્રવ્યમાં - આત્માની સાથે અભેદ એટલે એકમેક થતી ન હોય તો અંતર - આત્મપણું અને ધર્મધ્યાન કહી શકાય નહિ. માટે આ ગુણસ્થાને શુદ્ધોપયોગ કોઈ કોઈ વખતે હોય છે અને જયારે ન હોય ત્યારે ચારિત્રની આંશિક શુદ્ધિરૂપ પરિણતિ નિરંતર ચાલુ હોય છે. જો સમ્યકત્વથી આત્મા પતિત ન થાય તો. એમ નિર્ણય કરવો.

પ્રથમ સમ્યકત્વ સ્વરૂપાચરણ ચારિત્ર થતાં એટલે કે નિજ અંતર આત્મામાં નિજની પરિણતિ (શુદ્ધ આત્મસ્વરૂપના જ્ઞાન - શ્રદ્ધાન પૂર્વક) લિન થતાં થાય છે જે સંવરરૂપ છે. ત્યારે ક્રોધ- માન -માયા - લોભ ચારિત્ર ગુણને ધાતનાર ચાર ચોકડી (અનંતાનુબંધી, અપ્રખ્યાનાવરણી, પ્રખ્યાનાવરણી, સંજ્જવલન) તેમાંથી એક માત્ર અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભનો ઉપશમ (એટલે અનંતાનુબંધી કર્મોનું સતામાં રહી શાંત થવું. ઉદયમાં ન આવવું) પછી તુરંત ક્ષયોપશમ (એટલે આંશિક ક્ષય સાથે ઉપશમન્ન) થાય છે. એટલે કે અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ ઉત્પન્ન કરાવનાર કર્મોનું આગમન થંભી જાય છે.બાકીની ત્રણ ચોકડીના આગમનમાં રુકાવટ થતી નથી અને તે સંબંધી કર્મોનો આવવું અને બંધાવું ચાલુ રહે છે.

સમ્યગ્દર્શન પ્રગટ થાય ત્યારે ધર્મની શરૂઆત થાય છે અને ત્યાર બાદ જીવને સાચા વ્રતોની શરૂઆત થાય છે ત્યારે પાંચમા ગુણસ્થાનને જીવ પામે છે. ત્યારે અપ્રત્યાખ્યાનાવરણી ક્રોધ-માન-માયા-લોભનો અભાવ થાય છે.અને બાકીની બે ચોકડી (પ્રત્યાખ્યાનાવરણી, સંજ્જવલન)ના કર્મોનો બંધન ચાલુ રહે છે. ગુણસ્થાન આરોહણમાં (ઉપર ચડાવામાં) વીતરાગતામાં વૃદ્ધિ થાય છે અને કર્મોની નિરજરા થાય છે. કર્મોની નિરજરા સંવર પૂર્વક જ હોય છે.

આગલા અંકમાં નિરજરા અને મોક્ષ તત્વની વિચારણા કરશું.

.......ક્રમશ

# JAIN TATVA DARSHAN

## SAT TATVA

(Continued from previous edition)

-Jayantilal Gudhka

**Om Hrim Shree Vitragai Namah**

As mentioned in the last month's issue we are going to mull more specific nature of Sanvar Tatva in this issue.

5. **SANVAR** :- The activity of pious-sinful attachments and aversions does not rise and the rising of the purity of the Soul by taking the abode within the Soul is termed as Sanvar and this is Dharma and the beginning of the Dharma.

   The act of detachment from the vibrations (Yoga) of the Soul on the rise of the knowledge-faith's concentration within the nature of oneself - which blocks the influx of Karmas (Aasrav) that is Sanvar matter and that state is that of the Jeeve-Soul Substance

   The word Sanvar denotes Shudhopyog (perception through pure knowledge-faith of self) meaning Vitraag (free of attachments and aversions) knowledge which is engrossed in the Soul. This is not impure as per the Mithyatva-Attachment etc. that is the cause for the Mundane World so too it is not pure as per the nature of Kevalgnaan which is Totally Pure State. But, this is a distinguishing state aloof from the afore said two states, of peculiar nature of Pure Soul Experience in the form of True Ratnatrai (trio of knowledge-faith-conduct in unison)-cause for Moksha (Salvation) - that is third type of other state which is partially perceptible (meaning such a state partially free of envelopment).

6. **Beginning of Shudhopyog** :- **In the fourth Gunnasthan** (ascending state in the path towards Moksha)on the rise of Samyaktva, Sanvar of 41 of the 148 natures of Karmas takes place when wrong belief (Mithiyadrushti) prevailing from beginningless infinite past disappears – that is the Majesty of True Samyakdarshan (right faith). This happens on the first happening of State of Nirviklpa (state of knowing naturally with right faith without the application of Mind). This state of Nirviklpa prevails for a very brief time. This recurs after a long lapse of time. (But the purity of Soul that has started that keeps continuing and keeps increasing gradually. This purity is called pure consequentiality. In this way partially pure and partially impure such a mixed state of conduct prevails from fourth Gunnasthan. This has been explained in the para 2-3-4 of the last issue.) This state of Nirviklpa is only the Shudhopyog. But at the fourth Gunnasthan Shudhopyog is very less significant and Shubhopyog (Pious deeds) prevails abundantly.

   Again, introvertness and Nischay meaning True Dharmadhyan (Soul meditation) begins from fourth Gunnasthan. If one's Pariyay (State) – meaning state of one's own soul does not achieve oneness with one's own soul, then that state cannot be called introvertness and Dharmadhyan. So, at this Gunnasthan, Shudhopyog arise only occasionally and when this does not arise then manifestation of partial purity of Conduct, continues continuously, if the Soul does not degenerate its Samyaktva, do decide so.

   The very first Samyaktva takes place on the rise of one's conduct within one's own Soul nature meaning one's activity attains oneness with inner Soul (in conjunction with knowability-faith of pure nature of Soul), which is as per nature of Sanvar. Thereon, the quality of Chaaritra (Conduct) obstructing four quaternion [Anantaanubandhi (the bondage of Karmas of the type that sequentially keeps binding the Karmas that keeps the Soul going through the cycle of Birth and Death into various species of beings), Apratiakhianavarni (the bondage of Karmas of the type that prevents one taking Vows that prevents binding of new Karmas) , Pratiakhianavarni (the bondage of Karmas of the type that encourages one to take Vows that gives upliftment in the path of Moksha), Sanjavalan (the bondage of karmas of the type, only by Monks, that prevents the final upliftment to Ultimate Moksha)] of Anger-Ego-Deceit-Greed, only the Anantaanubandhi type of quaternion stops coming into play -the condition that is called Upsham (that is for the Anantaanubandhi type of Karmas to calm down without getting shed) thereafter immediately Kshyopsham (meaning calming with partial destruction) takes place. That means the influx of the Karmas of the type of Anantaanubandhi AngerEgo-Deceit-Greed stops. The influx of the rest of the three quaternions does not stop and the influx and bondage of such related Karmas.

   The religious state of the Soul begins on the rise of Samyakdarshan and thereafter the true Vows of the Jeeve-Soul begins then the Soul steps into the fifth Gunnasthan when Apratiakhianavarni AngerEgo-Deceit-Greed vanishes and the rest of the two quaternions (Pratiakhianavarni and Sanjavalan) type of Karmas keeps binding. In the ascent of Gunnasthan increase in the Vitraagta takes place and the shading of Karmas takes place too. The shading of Karmas is always with Sanvar.

In the next issue we will mull on the Nirjara and Moksh Tatva.

**To be continued...**

## ધર્મ દર્શન

લેખક : પૂ. આચાર્ય શ્રી મહાબોધિસુરિ મહારાજ

# દેશભક્ત સુભાષચંદ્ર



સુભાષચંદ્ર બોઝની કિશોરાવસ્થાની આ ઘટના છે. જેમાં એમનો માતૃભૂમિ પ્રત્યેનો ઉંડો પ્રેમ તો પ્રદર્શિત થાય છે. સાથે અપ્રતિમ શૌર્ય પ્રગટ થાય છે.

ઈ.સ. ૧૯૧૫માં સુભાષે કલકતાની પ્રેસીડેન્સી કોલેજમાં બી.એ.નું શિક્ષણ મેળવવા માટે પ્રવેશ લીધો. એ વખતે સુભાષની ઉંમર ૧૮ વર્ષની હતી.

સુભાષ જે કોલેજમાં હતા... એ કોલેજના અધ્યાપકો અંગ્રેજ હતા. એમનો વ્યવહાર ભારતીયો પ્રત્યે બિલકુલ સારો ન હતો. ખૂબ જ તોછડો વ્યવહાર તેઓ ભારતીય વિદ્યાર્થીઓ સાથે રાખતા હતા.

એક દિવસની વાત છે.

સુભાષના વર્ગના કેટલાક સ્ટુડન્ટો કોલેજ રૂમની બહાર ગેલેરીમાં ઉભા હતા. એ વખતે પ્રોફેસર ઈ.એફ ઓટેન ત્યાંથી પસાર થયા. ગેલેરીમાં ઉભેલા વિદ્યાર્થીઓને જોઈ પ્રોફેસર એમના પર રીતસરના વરસી પડયા...

ઓ જંગલીઓ, કાળીયાઓ... તમને કાંઈ શિસ્તનું ભાનબાન છે કે નહિ ? તમારા ઈન્ડિયનોમાં કોઈ જાતની મેનર્સ જ નથી.

જયાં માતૃભૂમિનું નામ આવ્યું.. ત્યાં સુભાષથી ન રહેવાયું. પોતાની માતૃભૂમિનું ઘોર અપમાન થતું જોઈ સુભાષનું લોહી ઉકળી ઉઠયું. કારણકે સુભાષને બચપણથી જ પિતા રાયબહાદુર જાનકીનાથ બોઝ અને માતા પ્રભાવતીના ઉતમ સંસ્કારો મળેલા. એમાં ય મા પ્રભાવતી તો ખુબ જ ધાર્મિક પ્રકૃતિની મહિલા હતી. એમના તરફથી મળેલા સંસ્કારોની સુભાષચન્દ્ર પર ઉંડી અસર પડી હતી. જેના પ્રભાવે બાલ્યકાળથી જ કર્તવ્ય નિષ્ઠ, વચનબદ્ધતા, ઉદારતા, સહિષ્ણુતા આદિ ગુણોની સાથે સાહસિકતા અને નીડરતા જેવા ગુણો સુભાષમાં વિકસિત બન્યા હતા.

સુભાષના આ ગુણો તેની યુવાનીમાં તેને સહાયક બન્યા. કલાસટીચરે જયારે પોતાના મીત્રોને ગાળો આપી.. તો સુભાષ પોતાના સાથીઓની સાથે કલાસટીચર ઓટેનની ફરીયાદ લઈ કોલેજના પ્રિન્સીપાલ પાસે ગયા.

પણ આ નિદોર્ષ વિદ્યાર્થીઓનું નશીબ બે ડગલા પાછળ ચાલતું હતું. કારણ કે જેની આગળ ફરીયાદ લઈને ગયા.. એ પ્રિન્સિપાલ તો ચોરનો ભાઈ ઘંટીચોર નીકળ્યો. ઓટેન જો અંગ્રેજ હતો તો પ્રિન્સિપાલ સવાયો અંગ્રેજ હતો. આથી પ્રિન્સિપાલે પણ ઓટેનનો જ પક્ષ લીધો અને વિદ્યાર્થીઓને ન્યાય આપવાને બદલે પોતાની ઓફિસમાંથી અન્યાયી રીતે રવાના કરી દીધા.

તમામ વિદ્યાર્થીઓ કોલેજનાં કંપાઉન્ડમાં ભેગા થયા. હવે શું કરશું એવી ચિંતાની રેખા દરેકના ચહેરા પર તગતગતી હતી. સિવાય સુભાષ.

જે વ્યકિત ભવિષ્યમાં 'ઈશ્વરને સાક્ષી રાખી હું એ પુનિત સોગંદ લઉં છું કે હું સુભાષચંદ્ર બોઝ ભારત અને કરોડો ભારતીયોને સ્વતંત્ર કરાવવા માટે સ્વતંત્રતાના આ પુનિત યુદ્ધમાં મારા જીવનની અંતિમ ક્ષણ સુધી સંનિષ્ઠ રહીશ. એવા શપથ લઈ પોતાના આ વચન પર અંતિમ પળ સુધી અટલ રહેવાની હોય.... જે વ્યકિત તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હે આઝાદી દૂંગા' જેવો નારો આપી દેશના હજારો / લાખો યુવાનોમાં શૌર્યની આગ જલાવી દેવાની હોય... એ આટલી નાનીશી વાતમાં કદી હિમ્મત હારી જાય ? કદાપિ નહિ.

સુભાષચંદ્રએ સત્વરે એક નિર્ણય કરી લીધો. એણે પોતાના તમામ મિત્રોને કહી દીધું : હવે આ અંગ્રજોને સુધારવાનો એક જ રસ્તો છે.. હડતાલ. બીજા જ દિવસથી પોતાના કલાસના તમામ સ્ટુડંટો સાથે સુભાષચંદ્ર હડતાલ પર ઉતરી ગયા. ચારેબાજુ હડતાલનો ખૂબ જ સકારાત્મક (પોઝિટીવ) પ્રભાવ પડયો.

